# 'રિશ્તા'- ગુજરાત જેસુઈટ રાઈટર્સ સેલ

### અતીતમાં ડોકિયું :




૧૯૯૮ની સાલમાં ગુજરાતના ડાંગ જિલ્લામાં વિવિધ સ્થળોએ ત્યાં કાર્યરત ખ્રિસ્તી સંસ્થાઓ અને ખ્રિસ્તીઓ પર હિંદુત્વવાદી તત્ત્વોએ હિંસક હુમલા કર્યા હતા. સુબીર ગામમાં તો એક હાઈસ્કુલ તથા છાત્રાલયના મકાનને સળગાવી દેવામાં આવ્યાં હતાં.

### પૂર્વગ્રહયુક્ત ગુજરાતી મુદ્રિત માધ્યમોની ભૂમિકા

ગુજરાત સમાચાર અને સંદેશ દૈનિકો આમાં સાથ આપીને બળતામાં ઘી હોમતાં હતાં. ખ્રિસ્તી મિશનરીઓ દબાણ લાવી અને લાલચ આપી આદિવાસીઓનું ધર્માંતર કરાવે છે એવા તદ્દન પાયાવિહોણા અને જૂઠ્ઠા આક્ષેપો મૂકતાં હતાં. હિંદુત્ત્વવાદી પરિબળો આ રીતે મુદ્રિત માધ્યમો (પ્રીન્ટ મીડીઆ) નો દુરુપયોગ કરી જૂઠ્ઠાણાં ભર્યા અપપ્રચાર દ્વારા ડાંગની પ્રજામાં ખ્રિસ્તીઓ પ્રતિ વૈમનસ્ય પેદા કરતાં હતાં.

### ગુજરાતી દૈનિકોને સહકારની અપીલ

ડાંગમાં સેવાપ્રવૃત્તિઓ ચલાવતા મીશનરીઓ, મા.બીશપો તથા ગુજરાતના જેસ્યુઈટ વડા આ હકીકતથી ચિંતીત બની ડાંગની પ્રજાને ખ્રિસ્તી મીશનરીઓની સેવાપ્રવૃત્તિઓ વિશે સાચી માહિતી પ્રાપ્ત થાય અને એ ભોળી પ્રજા અપપ્રચારથી છેતરાઈ ન જાય એ માટે સદર દૈનિકોનો સહકાર માંગ્યો પરંતુ તેમણે આપણી અપીલને ઠુકરાવી દીધી. પ્રસ્તુત દૈનિકોને સાચી માહિતી પહોંચાડી પરંતુ, દૈનિકોએ તે પ્રસિદ્ધ કરી નહિ.

### અમદાવાદ, ગાંધીનગર, સુરત સ્થિત જાણીતી શૈ.સંસ્થાઓની લાગવગ

આપણી સંસ્થાઓની લાગવગ ચાલી નહિ. હકીકતે આપણી મોટી મોટી સ્કુલો ને કોલેજો વિશેની આપણી માન્યતાઓ ખોટી પડી. તે બધી કાગના વાઘ જેવી પુરવાર થઈ.

### મુદ્રિત માધ્યમોનું મહત્ત્વ સમજાયું

એક બાજુ મુદ્રિત માધ્યમોનું સામર્થ્ય, તેનું વર્ચસ્વ અને બીજી બાજુ એ માધ્યમોનો અસહકાર અસહકાર અને તેને કારણે વેઠવી પડતી ભારે લાચારી ! આવી લાચારી વચ્ચે સહુને આપણા પોતાના મુદ્રિત માધ્યમની તથા તેમાં આપણા પક્ષે લખનારા પત્રકારો તથા કટારલેખકોની તાકીદે જરૂર છે અને તેની ખોટ છે એવું ભાન થયું.

### અભૂતપૂર્વ નિર્ણય- ગુજરાત જેસુઈટ રાઈટર્સ સેલ

આ બાબતે ત્યાર બાદ અમદાવાદ ખાતે મળેલી જેસુઈટોની એક બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા થઈ અને તેને અંતે એક અતિ મહત્ત્વનો અને લાંબા ગાળાની અસર પહોંચાડે તેવો, ન ભૂતો ન ભવિષ્યતિ- નિર્ણય લેવાયો અને તે હતો: ગુજરાત જેસુઈટ રાઈટર્સ સેલ ઊભો કરવો અને તેની મારફતે ગુજરાતી મુદ્રિત માધ્યમોમાં પ્રવેશી તેમાં નિયમિતપણે લખે તેવા જર્નાલીસ્ટો તથા કોલમનીસ્ટો તૈયાર કરવા.

### ફાધર વિનાયક-રાઈટર્સ સેલના પ્રથમ નિયામક

રાઈટર્સ સેલની જવાબદારી યુવાન ફાધર વિનાયક જાદવને સોંપવામાં આવી જે તેમણે સાંપ્રત સંજોગો તથા માધ્યમનું મહત્ત્વ સમજીને સહર્ષ સ્વીકારી લીધી. પોતાની કામગીરીનો વિનાવિલંબે આરંભ કરી દીધો અને જાહેર વિતરણ અર્થે ગુજરાતમાં ખ્રિસ્તી મીશનરી પ્રવૃત્તિઓ, ધર્માંતરો વગેરે વિષયે લખાણો તૈયાર કર્યાં અને પ્રસિદ્ધ કર્યાં. ફાધર ઈશાનંદે ધર્માંતર વિષયે લખેલ અંગ્રેજી પુસ્તકનો તથા અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ અન્ય લખાણોનો પણ અનુવાદ કરાવી તેને છપાવી જાહેર વિતરણ કરાવ્યું. એ જ અરસામાં ગુજરાતના બૌદ્ધિકોમાં વંચાતું 'નિરીક્ષક' સામયિકમાં ફાધર વિલિયમનો "ધર્માંતરની ભીતરમાં" શીર્ષક હેઠળનો સાચી સમજ પીરસતો એક અગત્યનો લેખ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

### ફાધર વિલિયમનો પ્રવેશ

ફાધર વિનાયકને કોલેજમાં ભણાવવાની તથા હોસ્ટેલના રેક્ટર તરીકેની જવાબદારીઓ તો હતી તેની સાથે હવે ગુજરાત જેસુઈટ રાઈટર્સ સેલની નવી જવાબદારી ઉમેરાઈ. થોડા સમય બાદ તેમને લાગ્યું કે બંને જવાબદારીઓ સુપેરે અદા કરવી શક્ય નથી એટલે તેમણે ફાધર વિલિયમને સેલની જવાબદારી સ્વીકારી લેવા અપીલ કરી. ગુજરાતમાં (અન્ય કોઈ રાજ્યોમાં નહિ) જેસુઈટો દ્વારા પ્રીન્ટ મીડીઆ અને તે પણ ગુજરાતી પ્રીન્ટ મીડીઆનું મહત્ત્વ સમજાયું છે અને તે માટે વ્યક્તિઓને તૈયાર કરવાની સુવિધા ઊભી કરવામાં આવી છે તો આ મહત્ત્વની યોજના પડી ના ભાંગે પણ સફળ થાય એનો ગંભીરતા પૂર્વક વિચાર કરીને તથા એ ઉમદા ધ્યેયને ખાસ લક્ષ્યમાં લઈ ફાધર વિલિયમે સેલને કાર્યરત કરવા હામ ભીડી અને જવાબદારી સ્વીકારી લીધી. સાથી જેસુઈટો સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ સેલનું **"રિશ્તા-ગુજરાત જેસુઈટ રાઈટર્સ સેલ"**નામાભિધાન કરવામાં આવ્યું અને અમદાવાદમાં બેએક સ્થળઓએ શરૂ કરેલ કાર્યાલયને છેવટે 'અમીબેલા' ખાતે ખસેડી કાર્યવાહીનો આરંભ કરી દીધો.ફાધર વિનાયક ત્યાર બાદ અમેરિકા જઈને જર્નાલીઝમની તાલીમ લઈ આવ્યા અને રાઈટર્સ સેલના સંચાલન માટે એ યોગ્ય વ્યક્તિ ગણાય છતાં, કોલેજમાં નિમણુંક થઈ હોઈ ફાધર વિલિયમ આજ પર્યંત 'રિશ્તા'ની જવાબદારી નિભાવી રહ્યા છે.

## હાલ રિશ્તાની પ્રવૃત્તિઓ




૧. યુવાજૂથો માટે વેકેશન દરમ્યાન ત્રણ કે ચાર દિવસની પત્રકારત્વ શિબિરો યોજવી. ૨. શનિ-રવિ ગુજરાતસ્થિત કેથોલિક હાઈસ્કુલોનાં છાત્રાલયોમાં ધો.૧૦ તથ ધો.૧૧ ના વિદ્યાર્થી-નિઓ માટે પત્રકારત્વની શિબિરો યોજવી. ૩. વેકેશન દરમ્યાન યુવાજૂથો માટે ત્રણ દિવસીય સર્જનાત્મક લેખન શિબિરો યોજીને લઘુકથા,ગીત-ગઝલ સર્જતાં શીખવવું ૪.રેડીઓ નાટક સ્ક્રીપ્ટ લખતાં શીખવવું.

### સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓ:

૧. અત્યાર સુધીમાં યોજાયેલી પત્રકારત્વ શિબિરોમાં લગભગ ૫,૦૦૦ શિબિરાર્થીઓએ ભાગ લીધો છે. શિબિરો ચાલુ છે.

૨. આ શિબીરાર્થીઓએ લખેલ **સેંકડો તંત્રીને પત્રો** ગુજ.સમાચાર, સંદેશ, જનસત્તા, ગુજરાત મિત્ર, દિવ્ય ભાસ્કર, ગુજારાત ટૂ ડે તથા નયામાર્ગ, ભૂમિપુત્ર અને નિરીક્ષક સામયિકોમાં પ્રગટ થયા છે. પત્રોના વિષયો જાહેર જનતાને તથા પોતાના વિસ્તારને નડતી સમસ્યાઓને વાચા આપવી તથા ગીરરીતિઓ અને ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવો તેવા છે. આ પત્રોને લીધે ઘણા સ્થાનિક પ્રશ્નોનો તાત્કાલિક સુખદ ઉકેલ આવ્યો છે.

૩. શિબિરાર્થીઓએ લખેલ રેડીઓ નાટકો પૈકી ૬ નાટકો આકાશવાણી અમદાવાદ-વડોદરા પરથી પ્રસારિત થયાં છે અને સર્જકોને પારીતોષિક તથા પ્રમાણપત્ર મળ્યાં છે.

૪. શિબિરાર્થીઓએ લખેલ બે નાતાલ રેડીઓ નાટકોનું શિબિરાર્થીઓ દ્વારા આકાશવાણી અમદાવાદના સ્ટુડીઓમાં રેકોર્ડીંગ કરવામાં આવ્યું હતું અને નાતાલ પર્વે તેનું પ્રસારણ થયું હતું.

૫. 'દૂત' અને 'નવક્રાંતિ-ગરવી નવક્રાંતિ' સામયિકોમાં શિબિરાર્થીઓના પત્રો તથા લઘુકથાઓ નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે.

૬. શિબિરમાં ભાગ લેનાર બે શિબિરાર્થીઓના પ્રથમ વાર્તાસંગ્રહો પ્રગટ કરવા માટે સાહિત્ય એકેડેમી ગુજરાત તરફથી અનુદાન મળ્યું છે.

૭. હાલ કોલેજીયન યુવક-યુવતીઓ, અધ્યાપન કાર્યમાં કરતી વ્યક્તિઓ તથા લેખનકળાનાં શોખીનોનું એક જૂથ નિષ્ણાતાના માર્ગદર્શન હેઠળ નિયમિત પ્રતિમાસ નડીઆદ મુકામે મળે છે. બેઠકમાં પ્રત્યેક જણ પોતે લખેલ લઘુકથાનું વાચન કરે છે. જૂથના સભ્યો તેના પર પોતાનાં મંતવ્યો રજૂ કરી સર્જકને મદદરૂપ થાય છે.

૮. શિબિરાર્થીઓએ રચેલ કાવ્યોની એક પુસ્તિકા 'ઉગતો સૂરજ' પ્રસિદ્ધ કરવામાં આવી છે.

૯. રિશ્તા સંચાલક ફાધર વિલિયમ દ્વારા ડો.આંબેડકરનાં કેટલાંક લખાણોનું ગુજરાતીમાં ભાષાંતર કરીને છએક જેટલી પુસ્તિકાઓ જાહેર વેચાણ અને વિતરણ માટે પ્રસિદ્ધ કરવામાં આવી છે જેને ઘણો આવકાર મળ્યો છે.

૧૦. 'ભારતીય રાજકારણમાં કોમવાદ' -લેખક રજની કોઠારી તથા 'ડો.આંબેડકર અને મુસ્લિમો-શું સાચું, શું ખોટું' લેખક ડો.તેલતુમ્ડે મહત્ત્વનાં પુસ્તકોનો ફાધર વિલિયમે અનુવાદ કરીને ગુજરાતની કેટલીક સ્વૈ.સંસ્થાઓ સાથે મળીને પ્રસિદ્ધ કર્યાં છે.

## ખાસ નોંધ:

છેલ્લાં અગિયાર વર્ષ દરમ્યાન સંખ્યાબંધ શિબિરોનું આયોજન તેમજ ઉક્ત સિદ્ધિ-ઉપલબ્ધિને કારણે 'રિશ્તા'એ તાલીમ આપવાની કળા સિદ્ધહસ્ત કરી છે જેની પ્રત્યેક શિબિરમાં ભરપુર પ્રમાણમાં સાક્ષી અને સાબિતિ મળે છે. "રિશ્તા-ગુજરાત જેસુઈટ રાઈટર્સ સેલ" એ ગુજરાતમાં જાહેર ગુજરાતી મુદ્રિત માધ્યમો માટે ખ્રિસ્તી સમુદાયમાંથી પત્રકારો તથા સર્જકો તૈયાર કરી તેની ખોટ પૂરવા માટેનો ગુજરાત જેસુઈટ સંઘનો આ એક પ્રશંસનીય અને બહુ જરૂરી એવો અભિગમ તથા તેમણે આરંભેલ અભિયાન છે. ગુજરાતમાં કેથોલિક જૂથો માટે છૂટી છવાયી પત્રકારત્વ શિબિરો યોજાતી હોય છે પરંતુ તેની કોઈ ઉપલબ્ધિ નજરે પડતી નથી. આવી શિબિરોના સંચાલન માટે "રિશ્તા"નો સંપર્ક કરી તેને આયોજન સોંપવામાં આવે તો એ શિબિરો અસરકારક અને પરિણામલક્ષી બની રહેશે. હકીકતે ગુજરાતમાં સેક્યુલર વર્નાક્યુલર મુદ્રિત માધ્યમ માટે સક્ષમ લેખકો-પત્રકારો તૈયાર કરવાના ધ્યેયથી જ **"રિશ્તા-ગુજરાત જેસુઈટ રાઈટર્સ સેલ"**ની સ્થાપના કરવામાં આવી છે જે હકીકત વિવિધ પેરીશો કે વિસ્તારોમાં પત્રકારત્વ શિબિરોનું આયોજન વિચારતા અને કરતા સહુ કોઈએ ખાસ ધ્યાનમાં રાખવું ઘટે.


ફાધર વિલિયમ

**પત્રકાર, સાહિત્યકાર બનવું છે ? રેડીઓ નાટક, ટી.વી.લઘુકાર્યક્રમો બનાવતાં શીખવું છે?**
**પ્રીન્ટ મીડીઆ અને ઈલેક્ટ્રોનીક મીડીઆમાં પ્રવેશ કરી તમારું નામ રોશન કરવું છે?**
**પ્રસાર માધ્યમોમાં પ્રવેશી નાગરિક નિસબત અદા કરવાની મહત્ત્વાકાંક્ષા ધરાવો છો ?**
**પ્રસાર માધ્યમોમાં આપણી ગેરહાજરી અને તેના પ્રતિની ઉદાસીનતાને દૂર કરવી છે ?**
**તો ઉતાવળ કરો અને તાત્કાલિક સંપર્ક કરો:**

**ફાધર વિલિયમ મો: ૯૪૨૭૦૨૬૦૮૩.** **હસમુખ ક્રિશ્ચિયન મો:૯૭૨૭૩૫૭૨૮૩**


હસમુખ ક્રિશ્ચિયન